This Question Booklet Contains 08 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 08 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

પ્રશ્નપુસ્તિકા નંબર

# DAO-2025

**A**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

કુલ પ્રશ્નો : 50
કુલ ગુણ : 50
સમય : 30 મિનિટ

Total Que. : 50
Total Marks : 50
Time : 30 Minutes

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**ખાસ સૂચના : 1 થી 50 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

**A)** સરદાર પટેલ **B)** સુભાષચંદ્ર બોઝ
**C)** મહાત્મા ગાંધી **D)** વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સૂચના **OMR** માં આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **50** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી.

**(04)** ઉમેદવારને મળેલ **OMR** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકાનો નંબર, બેઠક નંબરથી અલગ હોઈ શકે, **OMR** ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે અને બેઠક નંબર નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તેમજ મળેલ પ્રશ્નપુસ્તિકાનો નંબર તથા કોડ નિયત જગ્યાએ લખીને તેની નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તે મુજબ જ ઉમેદવારને ગુણ મળવાપાત્ર થશે. લખેલી વિગતો અને ઘાટું **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ રાખવામાં આવી નથી. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કરેલ હોય તેવા જવાબ તથા **OMR** માં જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબના ગુણ આપવામાં આવશે નહીં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસાવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

**(10)** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફ કામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં. જવાબવહીમાં કંઈ પણ રફ વર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.

**(11)** પ્રશ્નપુસ્તિકામાં કોઈ પૃષ્ઠ ફાડવા કે જુદાં કરવાની મનાઈ છે.

**(12)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(13)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**001.** 'પીળું ગુલાબ' નાટકના સર્જક કોણ છે ?

(A) હરીન્દ્ર દવે
(B) ભોળાભાઈ પટેલ
(C) સુરેશ દલાલ
(D) લાભશંકર ઠાકર

**002.** 129 એકરમાં પથરાયેલું પ્રાચીન તળાવ શિવસાગર ક્યાં રાજ્યમાં આવેલું છે ?

(A) આન્ધ્રપ્રદેશ
(B) ઉત્તર પ્રદેશ
(C) અરુણાચલ પ્રદેશ
(D) અસમ

**003.** ઈ.સ. 1984 થી ભારત સરકારના શ્રમખાતા તરફથી એવોર્ડ આપવામાં આવે છે. નીચેના પૈકી કયો એવોર્ડ અસંગત છે ?

(A) શ્રમ રત્ન
(B) શ્રમવિભૂષણ
(C) શ્રમભૂષણ
(D) શ્રમવીર

**004.** પમ્પા પુરસ્કાર કયા રાજ્યની સરકાર દ્વારા સાહિત્યના શ્રેષ્ઠ સાહિત્યકારને આપવામાં આવે છે?

(A) આન્ધ્ર પ્રદેશ
(B) કર્ણાટક
(C) તમિલનાડુ
(D) કેરલ

**005.** દરેક રોગ શરીરના કોઈ અંગ પર અસર કરી તેની કાર્યક્ષમતામાં વિક્ષેપ પાડે છે. યોગ્ય ગોઠવણી કરો.

| અ | બ |
|---|---|
| 1. અક્ઝીમાં | 1. કાન |
| 2. ઓટીસ | 2. ચામડી |
| 3. પ્લુરસી | 3. આંખ |
| 4. ગ્લુકોમા | 4. ફેફસા |

(A) 1-2, 2-1, 3-4, 4-3
(B) 1-1, 2-4, 3-3, 4-2
(C) 1-3, 2-4, 3-1, 4-2
(D) 1-4, 2-3, 3-2, 4-1

**006.** માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરાવતા હોય તેવા શિક્ષકો માટે રાષ્ટ્રીય કલા ઉત્સવના અનુસંધાને આયોજિત થતી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા કઈ છે?

(A) ગુરુ કલા કાર્યક્રમ
(B) સમૃદ્ધી કાર્યક્રમ
(C) સજ્જ શિક્ષક કલા ઉત્સવ
(D) દ્રોણાચાર્ય કલા ઉત્સવ

**007.** ગુજરાતની સરકારી શાળાઓમાં કયા ધોરણના વિદ્યાર્થીઓને દર્પણ નામની વિદ્યાર્થી ડાયરી પૂરી પાડવામાં આવી હતી ?

(A) ધો 1 થી 8
(B) ધો 5 થી 8
(C) ધો 3 થી 8
(D) ધો 6 થી 8

**008.** શાળાઓ વચ્ચેની ભાગીદારી વધારીને એકબીજાને વધુ સંપર્કમાં લાવવા માટેનો કાર્યક્રમ એટલે ...................

(A) જોઈનીંગ ઓફ સ્કુલ
(B) ટ્વીનીંગ ઓફ સ્કુલ
(C) કનેકટિંગ ઓફ સ્કુલ
(D) આપેલ તમામ

**009.** ગુજરાતની તમામ શાળાઓમાં ફીટ ઈન્ડિયા સપ્તાહ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) જાન્યુઆરીના પ્રથમ સપ્તાહને
(B) ડીસેમ્બરના ત્રીજા સપ્તાહને
(C) જાન્યુઆરીના બીજા સપ્તાહને
(D) ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહને

**010.** વિકસતી જાતિ કલ્યાણ બોર્ડ દ્વારા મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજન બીલમાં માસિક કેટલી રાહત આપવામાં આવે છે?

(A) ₹ 1000
(B) ₹ 1200
(C) ₹ 1500
(D) ₹ 2000

**011.** RTE 2009માં અભ્યાસક્રમ અને મૂલ્યાંકન કાર્ય પદ્ધતિમાં કલમ 29(2) (છ)માં નિર્દિષ્ટ કરેલ બાબત .................

(A) બાળકના જ્ઞાન, ક્ષમતા અને બુધ્ધિ શક્તિનું નિર્માણ
(B) બાળકનો સર્વાંગી વિકાસ
(C) બાળકને સુસંગત, શોધ, સંશોધન મારફત ભણતર
(D) શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી બાળકની માતૃભાષા રહેશે

**012.** RTE 2009માં શિક્ષકોને બિન શૈક્ષણિક હેતુ માટે મોકલવા પર પ્રતિબંધ અંગે કઈ કલમ દ્વારા સ્પષ્ટતા કરેલ છે ?

(A) કલમ 24
(B) કલમ 25
(C) કલમ 26
(D) કલમ 27

**013.** આર ટી આઈ નો કયો અધિનિયમ વિદેશી સરકાર પાસેથી વિશ્વાસમાં લઈને મેળવેલી માહિતી આપવાની મનાઈ ફરમાવે છે ?

(A) અધિનિયમ 8(1)(ક)
(B) અધિનિયમ 8(4)(ખ)
(C) અધિનિયમ 9(1)(ક)
(D) અધિનિયમ 8(1)(છ)

**014.** રાજ્યના મુખ્ય માહિતી કમિશનર કઈ કલમ હેઠળ નીમાયેલા હોય છે?

(A) 15(5)
(B) 16(1)
(C) 15 (3)
(D) 17(2)

**015.** સર્વગ્રાહી અને સતત મૂલ્યાંકનના આધારે બાળકની પ્રગતિ અંગેનું પત્રક એટલે?

(A) વિદ્યાર્થીનું પ્રગતિ કાર્ડ
(B) વિદ્યાર્થી પ્રગતિ રેકર્ડ
(C) વિદ્યાર્થી પ્રગતિ પત્રક
(D) વિદ્યાર્થી પ્રગતિ પ્રોગ્રેસ રેકર્ડ

**016.** બાળકના ઉંમરના પુરાવા તરીકે અમાન્ય દસ્તાવેજ કયો છે ?
(A) આંગણવાડી રેકોર્ડ
(B) માતાપિતાનું ઉંમર અંગેનું સોગંધનામું
(C) હોસ્પિટલ /સહાયક નર્સ અને મીડ વાઈફ રજીસ્ટર રેકોર્ડ
(D) જ્યોતિષીની જન્મ પત્રિકા

**017.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947 ની કલમ 3 ની પેટાકલમ (2) હેઠળ રચાયેલ બોર્ડ કયું છે ?
(A) મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ
(B) પ્રાથમિક શિક્ષણ બોર્ડ
(C) જીલ્લા પંચાયત શિક્ષણ બોર્ડ
(D) ઉપરોક્ત તમામ

**018.** એક કર્મચારી તબીબી પ્રમાણપત્ર મેળવીને તુરત જ રજા ઉપર ઊતરી જાય છે. જેને ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો 2002 નો કયો નિયમ યોગ્ય ઠેરવતો નથી ?
(A) 37 (4)
(B) (37)(4)(4)
(C) 38 (2)
(D) 38

**019.** તબીબી કારણસર રજા પર હોય તેવા સરકારી કર્મચારી તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના ફરજ પર પાછા ફરી શકતા નથી તે બાબત ગુજ.મુલ્કી સેવા 2002 ના કયા નિયમથી સ્પષ્ટ થાય છે ?
(A) 43(1)(1)
(B) 43(1)(ક)
(C) 43(2)(ક)
(D) 43(1)(2)

**020.** પ્રાથમિક શાળાએ જતા બાળકોને હાજર રહેવાની ફરજ પાડવા માટેની મુખ્ય શિક્ષકની ફરજો કઈ અનુસૂચીમાં દર્શાવવામાં આવેલ છે ?
(A) અનુસૂચી - ક
(B) અનુસુચી - ખ
(C) અનુસૂચી - ઘ
(D) અનુસૂચી - ચ

**021.** સરકારે નીમેલા અથવા નિયુક્ત કરેલા સ્કૂલબોર્ડના સભ્યની ખાલી પડેલી જગા વિષે સ્કૂલબોર્ડના વહીવટી અધિકારીએ કોને તત્કાલ રીપોર્ટ કરવો જોઇશે ?
(A) સરકારને
(B) સ્કૂલબોર્ડના અધ્યક્ષને
(C) સ્કૂલબોર્ડના ચેરમેનને
(D) બોર્ડના તમામ સભ્યોને

**022.** સામાન્ય રીતે સ્કૂલબોર્ડ પોતાના કાર્ય સંચાલન માટે કેટલીવાર મળશે?
(A) મહિનામાં એકવાર
(B) ત્રણ મહીને બે વાર
(C) બે મહીને એકવાર
(D) બે મહીને બે વાર

**023.** મ્યુનિ.સ્કૂલબોર્ડના બધા સભ્યોને, બોર્ડની ખાસ બેઠકો માટે કેટલા દિવસની નોટીસ આપવી જોઇશે ?
(A) 10 દિવસની
(B) 7 દિવસની
(C) 5 દિવસની
(D) 3 દિવસની

024. સ્કૂલ બોર્ડની બેઠકો મુખ્ય મથકની બહાર નાણાકીય વર્ષમાં કેટલી વાર રાખી શકાય ?
(A) ત્રણ થી વધુ નહિ
(B) ફક્ત બે વખત
(C) રાખી શકાય નહિ
(D) ગમે તેટલી વાર

025. મુ.પ્રા.શિ.નિ.1949 નો કયો નિયમ પછાત કોમો અને ગરીબ બાળકો માટે સગવડ કરવા બાબતનો છે ?
(A) નિયમ 34
(B) નિયમ 35
(C) નિયમ 36
(D) નિયમ 36 (1)

026. 'સંજોગોવશ' સમાસ ઓળખી બતાવો.
(A) કર્મધારય સમાસ
(B) તત્પુરુષ સમાસ
(C) મધ્યમ પદ લોપી સમાસ
(D) અવ્યવીભાવ સમાસ

027. ₹ 1100 ની વસ્તુ પર 12% ખોટ આવે તો વસ્તુ કેટલામાં વેચાયેલ હોવી જોઈએ?
(A) ₹ 968
(B) ₹ 880
(C) ₹ 958
(D) ₹ 868

028. અરવલ્લી અને વિંધ્યાચલની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે?
(A) છોટાનાગપુરનો
(B) માળવાનો
(C) બુંદેલખંડનો
(D) દખ્ખણનો

029. રમેશ 8% વ્યાજના દરે હિતેશને 3 વર્ષ માટે રકમ વ્યાજે આપે છે જેનું સાદું વ્યાજ ₹ 1320 છે તો તેની રકમ શોધો.
(A) ₹ 5000
(B) ₹ 5400
(C) ₹ 5500
(D) ₹ 6000

030. At noon the sun is ................. our head.
(A) On
(B) Above
(C) over
(D) Up

031. 'ચીવટ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
(A) ચિંતા
(B) ચોખ્ખું
(C) ચોક્કસ
(D) ચોક્કસાઈ

032. ઝીણાભાઈનો પશ્ચાતાપ આગળ ચાલે છે.- રેખાંકિત પદનો ક્રિયા વિશેષણ જણાવો.
(A) રીતિવાચક
(B) નકારવાચક
(C) ક્રમવાચક
(D) સમયવાચક

033. સમજ સાથે વાંચન અને પાયાના ગણનમાં નિપુણતા માટેની રાષ્ટ્રીય પહેલ કયા નામે ઓળખાય છે?
(A) NIPUN BHARAT
(B) SAMPURN BHARAT
(C) SAKSHAR BHARAT
(D) SHRESTH BHARAT

034. બાલવાટિકામાં થતી પ્રવૃત્તિઓથી બાળકોને શિક્ષણ પ્રત્યે રુચિ પેદા થશે તેમજ તેઓને શાળામાં .......................... .

(A) આવવું, ભણવું અને રમવું ગમશે
(B) આવવું, ભણવું અને સમજવું ગમશે
(C) આવવું, જમવું અને હસવું ગમશે
(D) આવવું, રોકાવું અને ભણવું ગમશે

035. બાલવાટિકા વિદ્યાર્થી પ્રવૃત્તિઓના કુલ કેટલા ભાગ છે?

(A) ભાગ 1 અને 2
(B) ભાગ 1, 2 અને 3
(C) ફક્ત ભાગ 1
(D) ભાગ 1 થી 4

036. હિન્દ માતાને સંબોધન-આ કૃતિનો પ્રકાર .................... છે.

(A) ઊર્મિગીત
(B) પ્રાર્થના ગીત
(C) લોકગીત
(D) ખંડ કાવ્ય

037. 'Listen' શબ્દના ઉચ્ચારણમાં કયો અક્ષર Silent છે?

(A) s
(B) t
(C) e
(D) i

038. કાવ્યા ચિત્ર દોરી રહી છે - આ વાક્યનું અંગ્રેજી વાક્ય -

(A) Kavya is draw a picture.
(B) Kavya drawing a picture.
(C) Kavya is drawing a picture.
(D) Kavya was drawing a picture.

039. નીચેનામાંથી સિંધુ ખીણની સંસ્કૃતિ તરફથી વિશ્વ સંસ્કૃતિઓને મળેલું મુખ્ય પ્રદાન કયું છે?

(A) લખાણ
(B) લોખંડ ઉદ્યોગ
(C) લોકશાહી
(D) નગર આયોજન

040. 'Rude' શબ્દનો વિરુધાર્થી શબ્દ શોધો.

(A) Polite
(B) Modest
(C) Honest
(D) Good

041. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં શું અગત્યનું છે?

(A) બાળક શું વિચારે છે? (What to think?)
(B) બાળકે કેવી રીતે વિચારવું? (How to think?)
(C) બાળકને કેવી રીતે ભણાવવું? (How to learn?)
(D) બાળકને શું શીખવવું?(What to teach?)

042. વર્ગમાં રમેશ નામનો વિદ્યાર્થી ભયભીત રહે છે-આ પરિસ્થિતિમાં શિક્ષક તરીકે તમે શું કરશો?

(A) ભયનું નિરાકરણ સમજી પ્રત્યક્ષ અનુભવ કરાવવો
(B) બાળકનું આત્મસન્માન જાળવવું
(C) બાળકને પોતાના વિચારો વ્યક્ત કરવા દેવા
(D) બાળકના કાર્યને બિરદાવવું

043. બાળકને અંધારાનો ભય લાગે છે જે એક પ્રકારનો............

(A) વિચાર છે
(B) ડર છે
(C) સંવેગ છે
(D) પ્રચાર છે

044. જે એક નિશાળ ખોલે છે તે એક જેલ બંધ કરે છે આ વિધાન કોણે કહ્યું છે.

(A) વિક્ટર હ્યુગો
(B) એરિક્સન
(C) સોરેન્સ
(D) ફ્રાંસિસ પાવર્સ

045. કયા મનોવૈજ્ઞાનિક બાળકને વૈજ્ઞાનિક ઢબે સમસ્યા ઉકેલનાર ગણે છે?

(A) પિયાજેનો
(B) લેવ વિગોટસ્કી
(C) ફ્રોઈડ
(D) સ્કીનર

046. બાળકની મૂર્ત માનસિક ક્રિયાત્મક અવસ્થાનો સમયગાળો કયો છે?

(A) 0 થી 2 વર્ષ
(B) 2 થી 7 વર્ષ
(C) 7 થી 11 વર્ષ
(D) 11 થી 15 વર્ષ

047. NEP 2020 ............... .

(A) નવાચારને પ્રોત્સાહન આપે છે.
(B) બહુવિદ્યાશાખાકીય શિક્ષણને પ્રોત્સાહન આપે છે.
(C) વિદ્યાર્થીની સંકલ્પનાત્મક સમજ ઉપર ભાર મુકે છે.
(D) ઉપરના બધા

048. NEP 2020 માં પ્રાથમિક શાળાના બાળકો સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન કયા વર્ષ સુધીમાં પ્રાપ્ત કરે તેવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે?

(A) 2040
(B) 2030
(C) 2025
(D) 2024

049. રાષ્ટ્રીય શિક્ષણપંચ ક્યારે અમલમાં આવ્યું?

(A) 1960 - 1962
(B) 1954 - 1957
(C) 1950 - 1953
(D) 1964 - 1966

050. અંગ્રેજી હકુમત તળેથી મુક્ત થયા બાદ ભારતમાં સૌ પ્રથમ કયા શિક્ષણ પંચની રચના કરવામાં આવી?

(A) યુનિવર્સીટી એજ્યુકેશન કમિશન
(B) કોઠારી કમિશન
(C) મુદ્દલિયાર કમિશન
(D) સેડલર કમિશન